# કોશિશ થી કામયાબી

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

1-8-1974

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ ઑગસ્ટ - ૨૦૧૯, અંક નં. ૮૦/૪૪૬



વિકલાંગ બહેનોનો વર્કશોપ



સી.પી. શાળામાં યોજાયેલ
ટીચર્સ ટ્રેનિંગ પ્રોગ્રામ



શ્રી બાબાભાઈનું સન્માન



માધ્યમિક શાળા
પ્રવેશોત્સવ

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2019-21◆ Monthly
Date of Publication : 15 Aug. - 2019 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24





કિડ્સ કાર્નિવલ






વૃક્ષારોપણ

યોગ દિવસની ઉજવણી



માધ્યમિક શાળામાં આચાર્યશ્રીની નિમણૂંક







નટરાજ ખાતે ફેમિલી ફોરમ કાર્યક્રમમાં ઈનામ વિતરણ

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- INDEX . . . . . . . . . . . . . . . . . ૦૩
- CONTENTS AT A GLANCE . . . . . . ૦૪
- શ્રી બાબાભાઈનું સન્માન . . . . . . . . . ૦૫
- લાઈબ્રેરી કિડ્સ કોર્નર પ્રવેશોત્સવ . . . ૦૫
- ૨૫ વર્ષના સંઘર્ષ પછીની સફળતા. . . ૦૬
- શાળા પ્રવેશોત્સવ . . . . . . . . . . . ૦૭
- ISL ના તાલીમવર્ગનું સમાપન . . . . . ૦૭
- વૃક્ષારોપણ તથા સમૂહ સફાઈ કાર્યક્રમ . ૦૮
- જીવન સુગંધી બને . . . . . . . . . . . ૦૮
- Mumbai Office . . . . . . . . . . . . ૦૯
- હૉસ્ટેલના બાળકોનો હેલ્થ ચેકઅપ કેમ્પ ૦૯
- લોઢાવાળા હૉસ્પિટલ . . . . . . . . . ૦૯
- અભિપ્રાય . . . . . . . . . . . . . . ૦૯
- સંક્ષિપ્ત સમાચાર-Hightech શાળા . . ૧૦
- સંક્ષિપ્ત સમાચાર-PNR સોસાયટી- PD ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર . . . ૧૧
- ડૉ.સરધારવાલા સાહેબને શ્રદ્ધાંજલિ . . ૧૨
- સંક્ષિપ્ત સમાચાર-C.P. શાળા . . . . . ૧૩
- સંક્ષિપ્ત સમાચાર-PNR હૉસ્પિટલ . . . ૧૫
- શ્રી નિલેશભાઈ વાઘરનું ઉત્તમ કાર્ય. . . ૧૫
- દિવ્યાંગ બાળકોનો પ્રવાસ . . . . . . . ૧૫
- સંક્ષિપ્ત સમાચાર-A.T. & T. ટેક. પાર્ક . ૧૬
- વિકલાંગ બહેનોનો વર્કશોપ . . . . . . ૧૬
- સંક્ષિપ્ત સમાચાર-બહેરાંમૂંગા શાળા . . ૧૭
- સંક્ષિપ્ત સમાચાર-K.L. છાત્રાલય . . . ૧૯
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ . . . . . . . ૧૯
- સંક્ષિપ્ત સમાચાર-'અંકુર' શાળા . . . . ૨૦
- અભિપ્રાય . . . . . . . . . . . . . . ૨૦
- અમો ઋણી છીએ દાતાઓના . . . . . ૨૧
- સ્વ. શામજીકાકાને શ્રદ્ધાંજલિ . . . . . ૨૨
- સેવા-રૂરલના મેમ્બર્સની મુલાકાત . . . ૨૨
- અભિપ્રાય . . . . . . . . . . . . . . ૨૨


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

છેલ્લાં એક મહિનામાં આપણી સંસ્થાઓ માટે, બે સારાં પ્રસંગો અને એક દુઃખદ સમાચાર આવેલ છે.

પ્રથમ સારા સમાચારમાં શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા ટ્રસ્ટને ભેટ મળેલ ૮૦૦ વારના પ્લોટનો, છેલ્લાં ૨૫ વર્ષથી ચાલતાં કોર્ટ કેસમાં સમાધાન થઈ, સંપૂણ પ્લોટનો કબજો, ટ્રસ્ટને મળ્યો છે. તેમાં ભાડુઆત શ્રી સુકેતુભાઈ આર. શાહ (અમદાવાદ)ની, 'વિકલાંગો માટેની સંવેદના અને ઉદારતા' તથા પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહની કુશળતા તથા સમજાવટે અગત્યનો ભાગ ભજવ્યો. તે બંનેને ખૂબ ખૂબ અભિનંદન.

બીજા સારા સમાચારમાં, આપણી સંસ્થાઓના ફાઉન્ડર ટ્રસ્ટી અને વિકલાંગો માટે ૬૦ વર્ષથી સમર્પિત શ્રી બાબાભાઈને, ભાવનગર નાગરિક સહકારી બેંક દ્વારા યોજાયેલ ભવ્ય સમારોહમાં, સન્માનિત કરવામાં આવ્યાં તે છે.

એક દુઃખદ સમાચાર, ડો.આઈ. બી. સરધારવાલા (યુ.કે.)નું નિધન છે. તેઓ ઈમ્પેકટ ફાઉન્ડેશન (યુ.કે.) સાથે, પી.એન.આર.ના સંબંધોમાં વર્ષો સુધી મહત્ત્વની કડી હતાં અને ખરા અર્થમાં સંસ્થાના ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ હતાં. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે...

✍ **કિરીટ રાઠોડ**

'મારા યુવક મિત્રો! સુદૃઢ બનો; મારી તમને એ સલાહ છે. ગીતાના અભ્યાસ કરતાં ફૂટબોલ રમવાથી સ્વર્ગની વધુ નજીક જશો. આ શબ્દો આકરા છે, પણ મારે તમને તે સંભળાવવા પડે છે; કારણ કે હું તમને ચાહું છું. મે થોડોએક અનુભવ લીધો છે. તમારાં બાવડાં અને સ્નાયુંઓ જરા વધુ મજબુત હશે તો તમે ગીતા વધુ સારી રીતે સમજી શકશો. તમારામાં જરા તાકાતવાળું લોહી હશે તો શ્રીકૃષ્ણની શક્તિશાળી પ્રતિભા અને મહાન સામર્થ્ય વધુ સારી રીતે સમજી શકશો. જયારે તમારૂ શરીર તમારા પગ ઉપર ટટ્ટાર ઊભું રહેશે અને તમને લાગશે કે તમે માણસ છો, ત્યારે ઉપનિષદો અને આત્માનો મહિમા સારી રીતે સમજશો.'


**- સ્વામી વિવેકાનંદ**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2019-21, Monthly
- **અંક નં. : ૮૦/૪૪૬**
  **૧૫ ઑગસ્ટ - ૨૦૧૯**
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail :** info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us :** www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ, ગાંધીનગર.**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **સેજલ મહેતા**
  **નેહલ ત્રિવેદી**
  **ભક્તિ મહેતા**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE

K. D. PADIA



◈ **Founder Trustee of PNR Society & Forum Institutions Shri Bababhai Felicitated**

Renowned Bhavnagar Nagrik Sahakari Bank appreciating the six decades contribution of Shri Anantray K. Shah, popularly known as Bababhai, in the service, education and empowering of disable, felicitated him with citation and shawl.

◈ **ISL Training Concludes at KLID**

Known for its initiatives and dynamism, the K. L. Institute for the Deaf (KLID) successfully organized Indian Sign Language (ISL) Training during 8$^{th}$ March, 2017 to 5$^{th}$ July, 2019. Level A was conducted by Deaf Trainer Shri Sanketbhai and level B and C by Shri Rajnishbhai. The Valedictory function witnessed dance and mime by trainees of Teachers' Training College, games by teachers of KLID and song in sign language by Shri Rajnishbhai.

◈ **March of KLID**

Success story of land for Smt. Chandaben Mohanbhai Patel Chhatralay by the Secretary of KLID Trust Shri Ashwinbhai Pandya, organizing discourse for making life invaluable, tree plantation, cleanliness drive in school, Praveshotsava, how to celebrate Birth Day. Guruvandana, Celebration of World Yoga Day, Camp for dental care and treatment and appointment of Principal in the KLID have been highlights of the march.

◈ **First Ever CRE**

The K. K. School & Home for the Blind Teachers' Training College and the PNR Society organized first ever three-day Continuous Rehabilitation Education (CRE) on **"Strategies for Children for Difficulties in Swallowing and Eating"** during 2$^{nd}$ July, 2019 to 4$^{th}$ July, 2019. Chennai-based Dr. Karthik Rao acted as sole Resource Person. Hectic deliberations of the CRE and practicals helped participants to devise plan of actions of their own for such children.

◈ **AT&T Technology Park Extends Arms**

The AT&T Technology Park of the PNR Society, active since 2001 for imparting computer skills to disable youths free of charge and providing free lodging and boarding facilities, has so far trained 2668 disable youths who are earning their livelihood and / or supporting their families, has now extended its arms to Sihor for benefitting disable youths of Sihor and surrounding villages.

◈ **Other Activities**

The Pravinchandra Dalal Disability Prevention Center of PNR Society continued benefitting school children, girls and women of 13-35 age, senior citizens, children with congenital defects through plastic and ENT Surgeries; activities of Hi-tech Schools, Nataraj C. P. School, Kids Corner in library of Nataraj Research and Training College and Ankur school are described in this issue.



# શ્રી બાબાભાઈનું સન્માન



ભાવનગરની સુપ્રિસધ્ધ નાગરિક સહકારી બેંક દ્વારા તા. ૩૦/૬/`૧૯ના રોજ, શ્રી ઝવેરચંદ મેઘાણી હોલ ભાવનગરમાં, સભાસદોના તેજસ્વી સંતાનોને શૈક્ષણિક ઈનામ વિતરણ, તેમજ વિશિષ્ટ સિધ્ધિધારક મહાનુભાવોને સન્માનવાનો ભવ્ય સમારોહ; વિધાનસભા વિરોધપક્ષના નેતા શ્રી પરેશભાઈ ધાનાણી અને અન્ય મહાનુભાવો ઉપસ્થિતીમાં યોજાયો હતો.

આ સમારોહમાં વિકલાંગોની સેવાકીય પ્રવૃતિઓ કરતી આપણી પી.એન.આર. સોસાયટી અને તેની સંલગ્નિત સંસ્થાઓના ફાઉન્ડર ટ્રસ્ટી અને છેલ્લાં સાંઈઠ વર્ષોથી વિકલાંગો માટે સમર્પિત સમાજ સેવક શ્રી અનંતભાઈ શાહ (બાબાભાઈ)નું સન્માનપત્ર અને શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવેલ હતું. જે માટે સંસ્થા પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે અને તેમને હાર્દિક શુભેચ્છા આપે છે.

# લાયબ્રેરી કિડ્ઝ કોર્નર પ્રવેશોત્સવ




નટરાજ કોલેજ કેમ્પસનાં મેઈન બિલ્ડીંગની લાયબ્રેરીમાં, બાળકો માટે સ્પેશિયલ કિડ્ઝ કોર્નર ડેવલપ કરવામાં આવ્યું છે. કિડ્ઝ કોર્નરમાં બાળકોને ગમે તેવા કલરફૂલ કાર્ટુનના સ્ટીકરથી ડેકોરેટ કરવામાં આવ્યા છે.

લાયબ્રેરીમાં બાળકોનો પ્રવેશોત્સવ, તા. ૨૫ જૂન ૨૦૧૯ના રોજ ઉજવવામાં આવ્યો હતો. કિડ્ઝ કોર્નરને રંગબેરંગી ફુગ્ગાઓથી ડેકોરેટ કરવામાં આવ્યો હતો. મોટા ફુગ્ગાઓમાં ચોકલેટ ભરીને દરેક ધોરણના બાળકો માટે ચોકલેટનો વરસાદ કરીને, ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આથી સી.પી. સ્કૂલના ધોરણ ૧ થી ૮ના બાળકો, દિશા વિકાસના અર્લી ઈન્ટરવેન્શન એન્ડ સ્કૂલ રેડીનેસ પ્રોજેક્ટ, તેમજ વોકેશનલ પ્રોજેક્ટના બાળકો, કે. એન. શાહ ઓટિઝમ સ્કૂલના એજયુકેબલ ગ્રુપ -૧ અને ગ્રુપ -૨ ના બાળકો, ડે-કેરના બાળકો અને હાઈ-ટેક ઈન્કલુઝીવ સ્કૂલના ધોરણ ૧ થી ૧૨ ના બાળકો ખૂબજ ખૂશ થયા હતાં.

કિડ્ઝ કોર્નરમાં બાળકોના સર્વાંગી વિકાસ માટે જુદી - જુદી પઝલ્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ફાર્મ એનિમલ પઝલ, સ્ટ્રીટ એનિમલ પઝલ, એક્ટિવિટી બોલ, રંગબેરંગી જુદા-જુદા આકારો, તેમજ બાળકોના મનપસંદ રમકડાંઓ, આઈસ્ક્રીમ કોન પઝલ, લેગ પઝલ, મેથ પઝલ, આલ્ફાબેટ પઝલ, એક્ટિવિટી બોલ, સ્ટાર લિન્ક પઝલ, સી લિન્ક પઝલ, ત્રિકોણ પઝલ વગેરે નો સમાવેશ કરવામાં આવ્યો છે, જેના દ્વારા લર્ન વિથ ફન થીમ પર બાળકોને જ્ઞાન આપવામાં આવે છે.

બાળકો વારંવાર લાયબ્રેરીમાં આવવા પ્રેરાય તે માટે બાળકોને ગમે તેવી જુદી-જુદી એક્ટિવિટી કરવામાં આવે છે. જે માટે બાળકોને લાયબ્રેરીમાં પેન્સિલ, રબર, શાર્પનર (સંચો) અને કલર બોકસ આપવામાં આવે છે ,જેના દ્વારા બાળકો તેમની મનગમતી એક્ટિવિટી કરે છે, જેમાં ટપકાંઓ જોડીને ચિત્ર બનાવવું, જુદા-જુદા કાર્ટુનના ચિત્રોમાં કલર પૂરવા તેમજ બાળકોનું ઈંગ્લીશનું જ્ઞાન વધારવા માટે ઈંગ્લીશ શબ્દમાં ખૂટતો અક્ષર મુકવો, સ્પેલિંગ બનાવવા, રસ્તો શોધો, સરખામણી કરો, જેવી અનેક એક્ટિવિટી લાયબ્રેરીમાં કરાવવામાં આવે છે. આવી પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને વિવિધ પ્રવૃત્તિનું જ્ઞાન મળે છે અને બાળકો લાયબ્રેરીમાં આનંદથી આવે છે.

# ૨૫ વર્ષના સંઘર્ષ પછીની સફળતા



✍ **અશ્વિન પંડયા** (મંત્રી, કે.એલ. ઈન્સ્ટીટયુટ)

શ્રી શાહ ખી. લ. બહેરા મૂંગા શાળા ટ્રસ્ટને એક પ્લોટ લગભગ ૧૮૦૦ ચોરસ વારનો, જેમાં એક બંગલો હતો. જેમાં ભાડુઆત રહેતાં હતાં તે પ્લોટ-બંગલો ભાડુઆત સાથે, આજથી ૨૫ વર્ષ પહેલા શ્રીમતી કમળાબેન તરફથી બક્ષિસમાં મળેલો. બધિર- વિકલાંગો માટેની પ્રવૃતિ માટે મળેલ, હોઈ ભાડુઆતને ખાલી કરી આપવા વિનંતી કરવા છતાં ખાલી નહી કરતાં, ખાલી કરાવવા માટે કોર્ટમાં કેઈસ દાખલ કરેલ હતો. જે ૨૫ વર્ષથી ચાલતો હતો. આ ૨૫ વર્ષ દરમિયાન અનેક વખત સમાધાનના પ્રયાસ કરવામાં આવેલ, પણ દરવખતે નિષ્ફળતા મળેલ.

આ બાજુ સંસ્થાને છાત્રાલયની જરૂર હોઈ પ્લોટના એ/બી ભાગ પાડી એક ભાગમાં ખાલી પ્લોટ ઉપર, શ્રીમતી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય બનાવવામાં આવેલ અને હજુ બે વર્ષ પહેલાંજ તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ.

દરમિયાન સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહે સમાધાન માટે પ્રયત્નો શરૂ કર્યા. ભાડુઆત શ્રી સુકેતુભાઈ રતિલાલ શાહ કે જેઓ અમદાવાદમાં વર્ષોથી રહે છે અને બંગલો તાળા-બંધ રહેતો હતો. તેમની સાથે વાટાઘાટ શરૂ કરી. શ્રી ગિરીશભાઈ શાહના સતત સંઘર્ષો અને તેમની કુશળતા, તેમજ ‘નવી પેઢીએ વિકલાંગો માટે કામ કરતી સંસ્થા નો હક છીનવવો ન જોઈએ’ તેવી સમજણ આપતાં ભાડુઆત શ્રી સુકેતુભાઈ શાહ સમાધાન માટે તૈયાર થયાં અને પ્રથમ કોર્ટ બહાર સમાધાન થયું અને ત્યારબાદ કોર્ટમાં સમાધાન કરી, લગભગ ૮૦૦ ચો. વાર. જેટલો પ્લોટ, જે રૂપાણી જેવા પોશ વિસ્તારમાં, મેઈન રોડ ઉપર આવેલ છે અને જે તેઓના કબજામાં હતો, તે સંભાળી લેવામાં આવ્યો છે.

આ પ્લોટનં ૧૯૨૧/એ ઉપર તાત્કાલિક ટ્રસ્ટીઓ, કારોબારી કમિટીના સભ્યો-શુભેચ્છકો એ કેસ લડતાં વકીલશ્રીની હાજરીમાં એક અનૌપચારિક બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહના પ્રયત્નોને બીરદાવવામાં આવેલ અને તાલીઓથી વધાવવામાં આવ્યાં હતાં. આ અનૌપચારિક બેઠકમાં સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ) એ, ‘આ સંપત્તિ બક્ષીસમાં મળ્યા પછીના ૨૫ વર્ષના ઉતાર-ચડાવ અને અનેક વખત આ પ્લોટ હાથમાં આવતો-જતો રહયો’, તેની રસપ્રદ વાત વિસ્તારથી કહી હતી. આ સાંભળી હાજર રહેલા સૌ આશ્ચર્યચકિત થયાં હતાં. આ પ્લોટનો કબજો લેતી વખતે ભાડુઆત શ્રી સુકેતુભાઈ શાહ અને તેમના ધર્મ પત્નિએ, ચાવીશ્રી બાબાભાઈને હાથમાં આપી હતી. તેમજ છાત્રાલયમાં રહેતા દરેક બાળકોને આઈસ્ક્રીમ ખવડાવી, ખૂશી વ્યકત કરી હતી. બહેરાંમૂંગા શાળાના કર્મચારીઓએ પણ મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા સાથે પ્લોટની મુલાકાત લઈ, આનંદ વ્યકત કર્યો હતો.



# શાળા પ્રવેશોત્સવ



તા. ૨૩/૦૭/૨૦૧૯ને મંગળવારે શ્રી શાહ ખીમચંદ લક્ષ્મીચંદ બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી મહાલક્ષ્મીબેન અને જગન્નાથ એ મહેતા શ્રવણમંદોની માધ્યમિક શાળાનો પ્રવેશોત્સવ, સંસ્થાના મહાવીર ઓડિટોરીયમમાં યોજાયેલ. જેમાં ધોરણ ૯નાં ૪૯, ધો. ૧૧ના ૨૨ અને ધો. ૧૦નાં ૪ એમ કુલ ૭૫ નવા પ્રવેશ પામેલ, વિદ્યાર્થીઓને શાળા દ્વારા આવકારવામાં આવેલ. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ભાવનગર રેન્જના ડી. આઈ. જી. શ્રી અશોકકુમાર યાદવે ઉપસ્થિત રહીને કાર્યક્રમને દિપાવેલ. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખશ્રી ગિરીશભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી શશીભાઈ વાધર, મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા અને ફાઉન્ડર શ્રી બાબાભાઈ શાહ, શ્રી મફતભાઈ, શ્રી જીતુભાઈ શાહ, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી રાજુભાઈ હકાણી, શ્રી આનંદભાઈ, શ્રી જીતુભાઈ મહેતા તથા અન્ય ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહેલ હતાં.

કાર્યક્રમની શરૂઆત સમૂહ પ્રાર્થના દ્વારા થઈ, તે બાદ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા અભિનય રાસની પ્રસ્તુતિ કરવામાં આવી. પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહએ મુખ્ય મહેમાન તથા ઉપસ્થિત સૌને આવકારતું પ્રવચન આપ્યું અને મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ સંસ્થા પરિચય આપ્યો. તે બાદ નવા પ્રવેશ પામેલ તમામ ૭૫ વિદ્યાર્થીઓને ઉપસ્થિત મહેમાનોના વરદ્‌હસ્તે ભેટ આપી આવકારવામાં આવ્યાં. મુખ્ય મહેમાન ડી.આઈ.જી. શ્રી અશોકકુમાર યાદવ સાહેબે બાળકો, સ્ટાફ, ટ્રસ્ટીઓને સંસ્થાની વ્યવસ્થાઓને બિરદાવતું મનનીય પ્રવચન આપી, સૌને પ્રોત્સાહિત કર્યા હતાં. કાર્યક્રમના અંતે આભારવિધિ ઓ.એસ. શ્રી સુર્યકાન્તભાઈ ચાવડાએ કરેલ. સમગ્ર કાર્યક્રમની ઉદઘોષણા શ્રી વિશ્વાબેન ભટ્ટે કરી હતી.

કાર્યક્રમની સફળતા માટે પ્રમુખશ્રી અને મંત્રીશ્રીનાં માર્ગદર્શનમાં સમગ્ર સ્ટાફ, બાળકોએ સારી જહેમત ઉઠાવેલ.

# ભારતીય સાંકેતિક ભાષા (ISL)ના તાલીમવર્ગનું સમાપન



ભારતીય સાંકેતિક ભાષા એટલે કે **Indian Sign Language** ના વર્ગોની શરૂઆત તા. ૦૮/૦૩/૨૦૧૭ થી થયેલ. જેમાં લેવલ Aમાં ડેફ ટ્રેનર તરીકે શ્રી સંકેતભાઈ અને લેવલ B અને લેવલ Cમાં શ્રી રજનીશભાઈ આપની શાળાના શિક્ષકોને તાલીમ આપેલ. આ અભ્યાસક્રમની ફેરવેલ પાર્ટીનું આયોજન તા. ૦૬/૦૭/૨૦૧૯ના રોજ મહાવીર ઓડિટોરિયમમાં કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી બાબાભાઈ તેમજ સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા અન્ય ટ્રસ્ટીશ્રીઓ, શાળાના પ્રિન્સીપાલશ્રી, સંસ્થાના અન્ય વિભાગના અધ્યક્ષીઓ TTC સ્ટાફ તથા TTC ના તાલીમાર્થીઓ, શાળાના શિક્ષકો, માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયાં હતાં. આ કાર્યક્રમમાં વિવિધ પ્રવૃત્તિઓ જેમાં TTC ના તાલીમાર્થીઓ દ્વારા નૃત્ય, માઈમ, શિક્ષકો દ્વારા એક ગેમ અને ખાસ શ્રી રજનીશભાઈ માટે સાંકેતિક ભાષામાં ગીત વગેરેની રજૂઆત કરી હતી. શિક્ષકો દ્વારા તાલીમ દરમિયાન પ્રાપ્ત થયેલ અનુભવો રજુ કર્યા. સંસ્થાના મંત્રીશ્રીના હસ્તે સંસ્થા તરફથી શ્રી રજનીશભાઈને અને શ્રી બાબાભાઈના હસ્તે શ્રી મોનિકાબેન પંજાબીનું જેમણે સમગ્ર **Sign** Languageનાં કોર્સનું આયોજન કરેલ, તેમનું મેમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કવિતાબેન શાહ અને TTCના તાલીમાર્થી દ્વારા, શ્રી સંતોષભાઈ યાદવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# વૃક્ષારોપણ તથા શાળા સફાઈ કાર્યક્રમ

ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા, મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિ ઓકટોબર - ૨૦૧૮ થી ઓકટોબર- ૨૦૧૯ સુધી મનાવવાનું નકકી કરેલ છે. જે અંતર્ગત રાજય સરકારે 'વન મહોત્સવ' ઉજવવાનું નકકી કરેલ છે. જિલ્લા સમાજ સુરક્ષા ખાતા નીચે આવતી સંસ્થાઓમાં વૃક્ષારોપણ કાર્યક્રમ ઉજવવાનું નકકી થયેલ.

આપણી શ્રી ખી. લ. બહેરા-મૂંગા શાળામાં તા. ૧૩/૭/ના રોજ ધો. ૬ થી ૮ના વિદ્યાર્થીઓ દ્વારા શાળાના રમતના મેદાનમાં વિવિધ રોપાઓ વાવવામાં આવ્યા. વિદ્યાર્થીઓએ જમીનમાં ખાડા ખોદી સુંદર રોપાઓનું આરોપણ કર્યુ અને હોશે-હોંશે પાણી પીવડાવ્યું. આચાર્યશ્રી તથા શિક્ષકોએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપેલ તથા વાવેલ છોડનો પરિચય આપેલ.

ધો. ૧ થી ૫ ના વિદ્યાર્થીઓએ ઈન્ફન્ટ શાળાનું મેદાન તથા છાત્રાલયના મેદાનની સાફ સફાઈ કરેલ. શિક્ષકોએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી સફાઈ માટે પ્રોત્સાહિત કરેલ.

આ બંને કાર્યક્રમમાં સંસ્થા પરિવારના સભ્યો મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી જીતુભાઈ શાહ તથા






શ્રી મહાસુખભાઈ એ હાજરી આપેલ તથા વિદ્યાર્થીઓની પ્રવૃતિઓને બિરદાવેલ.

# 'જીવન સુગંધી બને'

તા. ૨૪/૬/૧૯ સોમવારે શ્રી મહાવીર ઓડિટોરીયમમાં શ્રીમદ્ રાજચંદ્ર મિશનના ડો. શ્રી ભાવનાબેન શાહનું વકતવ્ય, 'જીવન સુગંધી બને' વિષય પર યોજાયેલ. તેઓએ પોતાના વકતવ્યમાં, માનવજીવનને સુગંધી કેવી રીતે બનાવવું જોઈએ ? તે વિશે વિસ્તૃત છણાવટ કરેલ.

ડૉ. શ્રી ભાવનાબહેને કહયું હતું કે 'ગમતું કામ મળે એ પરિસ્થિતિ ખૂબજ સરસ છે. પરંતુ મળેલા કામને ગમતું કરવું એ જીવનની સૌથી મોટી ઉપલબ્ધિ છે. જીવન જીવવાની સાચી ફિલોસોફી તેમાં સમાયેલી છે. દરેક વ્યકિતએ ચિંતાઓ છોડી પોતાને મળેલા અમૂલ્ય જીવનને રત્નતુલ્ય માની તેની પળે-પળ સુગંધી બનાવવા અને આસ-પાસના લોકોને તેમાં સાંકળવા પર ભાર મૂકયો હતો.


આ કાર્યક્રમમાં PNR સોસાયટી સંલગ્નિત




સંસ્થાઓના તમામ શિક્ષકો, કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહેલ. ડૉ. શ્રી ભાવનાબહેનનો પરિચય શ્રી કવિતાબેન શાહે આપેલ આભારવિધિ સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ કરેલ.

## Mumbai Office

✍ Prakash Desai



"**The** Mumbai Committee Meeting was held on 26th July 2019 at 5pm at PNR Society's Tardeo Office. Once again it's that time of the year, when all the discussion was about hosting our Annual General Meeting 2019 on 14th September 2019 at Shri Ashwinbhai Mafatbhai Mehta's Bungalow, Mumbai. Planning about the event was done at the initial stage. Members who were present, had suggestions on how to have a different agenda or flow of the event.

Final arrangements and schedule will be made in the next Committee Meeting, on 30th August 2019."

## હોસ્ટેલના બાળકો માટે હેલ્થ ચેકઅપ



પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. હોસ્ટેલનાં દિવ્યાંગ બાળકોનો તા. ૪/૭/૨૦૧૯નાં રોજ મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પ ડો. પ્રવિણભાઈ ગોસાઈ દ્વારા તથા સંસ્થાનાં ગૃહપતિ શ્રી લાલજીભાઈ પંડયાની રાહબરી હેઠળ યોજાયો હતો. તેમાં કુલ ૨૬ બાળકોની શારીરિક તપાસ કરવામાં આવી અને તમામ પ્રકારની મેડિકલ સહાય આપવામાં આવી હતી.

## લોઢાવાળા હોસ્પિટલ





ભાવનગર નવજવાન સંઘ સંચાલિત શ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલમાં સ્વ. શ્રી શામજીભાઈ માવજીભાઈ પારેખની પૂણ્ય સ્મૃતિમાં **રાહતનિધી** અંતર્ગત **ફ્રી તપાસ - નિદાન કેમ્પ**નું તા. ૧-૮-૨૦૧૯ ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦ દર્દીઓએ લાભ લીધેલ હતો. આ કેમ્પમાં ડો. અમિતભાઈ વાજા (ગાયનેક), ડો. મીત દવે (ઈ.એન.ટી. સર્જન), ડો. ઈશાબેન મોદી (ડેન્ટિસ્ટ), હિરલબેન મહેતા (ફિઝીયોથેરાપીસ્ટ), ડો. પી. પી. ભટ્ટ (ઓર્થોપેડિક સર્જન), વગેરે ડોકટરશ્રીઓએ માનદ્ સેવા આપી હતી. સંસ્થાના મંત્રી શ્રી મનસુખભાઈ સોરઠિયા, શ્રી જયંતિભાઈ પટેલ તથા સ્ટાફે આ કેમ્પને સફળ બનાવવા ખૂબ જહેમત ઉઠાવી હતી.

## અભિપ્રાય

"સંસ્થાની વિવિધ દર્દીઓને ઉપયોગી પ્રવૃત્તિ જોઈ - વાંચીને ગૌરવ અનુભવું છું. ડિસેબલ્ડ બાળકો માટે આપની સંસ્થા ઐશ્વરીય વરદાન સ્વરૂપ છે.

પી.એન.આર. સોસાયટીની તમામ પ્રવૃતિઓ, ભાવનગરનું એક વૈશ્વિકસ્તરનું ગૌરવ છે.

અભિનંદન.......


**નોંધ :-** આપના કોશિશમાં શહીદોને શ્રધ્ધાંજલી આપતા કાર્યક્રમે, દેશપ્રેમ અને શહીદો પ્રત્યેની હમદર્દી બતાવી - દેશનું ગૌરવ વધાર્યુ છે.

**- ડૉ. ઉમાકાન્ત જે. જોષી,** આયુર્વેદ વાચસ્પતિ, પ્રોફેસર




# સંક્ષિપ્ત સમાચાર

✍ ધીરુભાઈ ધંધુકિયા



## 'હાઈટેક' બાલમંદિર અને પ્રાયમરી સ્કૂલ

### વિશ્વ યોગ દિવસની ઊજવણી



સ્કૂલમાં તા- ૨૧-૬ નાં રોજ વિશ્વ યોગ દિવસની ઊજવણી કરવામાં આવેલ. જેમાં બાલમંદિર તેમજ પ્રાથિમક ધો- ૧ થી ૮નાં બાળકોએ ભાગ લીધેલ. બાળકોને યોગનું જીવનમાં મહત્વ, તેનાથી શરીરમાં થતા લાભો, તેમજ આસનો કરતી વખતે રાખવામાં આવતી સાવચેતી વિષે જણાવવામાં આવેલ. ત્યારબાદ વિદ્યાર્થીઓએ યોગા કરેલ.

### બ્લુ ડે



સ્કૂલમાં તા.૧૨-૭ ના રોજ બાલમંદિર વિભાગમાં બ્લુ ડેની ઊજવણી કરવામાં આવેલ. જેમાં નાનાં-નાનાં ભૂલકાંઓએ વિવિધ પ્રકારનાં ચિત્રો દોરી, તેમાં બ્લુ રંગ પૂરેલ. તેમજ બધા જ બાળકો બ્લુ રંગનાં કપડા પહેરીને આવેલ. બાળકોને રંગોનો ખ્યાલ આવે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

### ICT ની ટ્રેનિંગ




સ્કૂલમાં તા- ૨૯-૬ નાં રોજ ICTની ટ્રેનિંગ ગોઠવવામાં આવેલ. આ ICTની ટ્રેનિંગ નિરજભાઈ રાજ્યગુરુ દ્વારા આપવામાં આવેલ. તેમણે સ્માર્ટ બોર્ડનો ઊપયોગ, બાળકોને શિક્ષણ આપવામાં કઈ રીતે કરવો તે સમજાવેલ. આ ટ્રેનિંગમાં બાલમંદિર થી ધો-૧૨ સુધીનાં શિક્ષકોએ ભાગ લીધેલ. આ ટ્રેનિંગમાં જોઈન્ટ સેક્રેટરી શ્રી ડી. જે. ધંધુકિયા અને આચાર્ય શ્રી હિતેનભાઈ હાજર રહ્યાં હતાં.

### ગુરુ પૂર્ણિમા




સ્કૂલમાં તા.૧૬-૭ ના રોજ બાલમંદિર, પ્રાથિમક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં, ગુરુ પૂર્ણિમાની ઊજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં શાળાનાં આચાર્ય શ્રી હિતેનભાઈ પંડ્યાએ ગુરુ-શિષ્યની વાર્તા કહી, ગુરુનો મહીમા સમજાવેલ. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં કાર્યક્રમનું આયોજન વિદ્યાર્થીઓએ જાતે કરેલ. વિદ્યાર્થીઓએ ભજન, ધૂન, કીર્તન રજુ કરેલ.



# સંક્ષિપ્ત સમાચાર

✍ પારસ શાહ



## PNR - Pravinchandra Dalal Disability Prevention Centre

### રૂબેલા (નૂરબીબી) પ્રિવેન્શન



પી.એન.આર. સોસાયટી તથા ધ દલાલ ફેમેલી ફાઉન્ડેશન, યુ.એસ.એ. દ્વારા સંચાલિત પ્રવિણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર, તેમજ ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિમિટેડ - વડોદરા ના સહયોગથી, વિકલાંગ બાળ જન્મ અટકાવ અભિયાન રૂબેલા પ્રિવેન્શન પ્રોજેક્ટ, વર્ષ ૨૦૧૯ - ૨૦ ના જુન થી જુલાઈ - ૨૦૧૯ દરમ્યાન અમરેલી જિલ્લાના લાઠી, જાળિયા અને બાબાપુર ગામે રૂબેલા અવેરનેસ માટે આયોજન કરવામાં આવ્યું હતું. લાઠીના P.G.V.C.L.ના ડેપ્યુટી એન્જીનિયર શ્રી કડછા સાહેબે, એન્જિનિયર્સ એસોસિએશન થકી, શ્રી કલાપી વિનય મંદીર હાઈસ્કૂલમાં અવેરનેસ તથા રૂબેલા કેમ્પનું આયોજન કરેલ. **૨૫૦** વિદ્યાર્થીનીઓને અવેરનેસ આપવામાં આવેલ. અને થોડા દિવસ બાદ રૂબેલા કેમ્પ કરી **૧૧૦** વિદ્યાર્થીનીઓને રૂબેલા રસી આપવામાં આવેલ. બાબાપુર અને જાળિયામાં રૂબેલાની અવેરનેસ આપવામાં આવેલ. તેમાં જાળિયાના સંરપંચશ્રી કાંતિલાલ પરમાર અને બાબાપુરની સર્વોદય સંસ્થાના સંચાલકશ્રી મીનાબેન પૂરોહિત નો સહકાર મળેલ. અમરેલી જિલ્લાના ચલાલા ગામે ગાયત્રી મંદિર સંસ્થા દ્વારા ચાલતી સ્કૂલમાં તથા શ્રી એમ.કે. ચંદારાણા હાઈસ્કૂલમાં રૂબેલાનો અવેરનેસ કેમ્પ ગોઠવેલ. તેમજ ભાવનગર જિલ્લાના પાલિતાણા ટાઉનનાં P.G.V.C.L. ડેપ્યુટી એન્જીનીયર શ્રી પરમાર સાહેબ દ્વારા શ્રીમતી કમળાબેન શાંતિલાલ કપાસી બી.સી.એ. કોલેજ તથા શ્રી સતુઆબાબા માધ્યમિક શાળામાં રૂબેલાનાં અવેરનેસ કેમ્પનું આયોજન કરેલ. આમ, આ બે મહિના દરમ્યાન **૧૬૭૦** બહેનોને અવેરનેસ તથા **૧૧૦** બહેનોને રસીકરણ કરવામાં આવેલ. સમગ્ર પ્રોગ્રમમાં સંસ્થાના સક્રિય સભ્ય શ્રી એ.જી. તન્નારાણા, પ્રિવેન્શન વિભાગના શ્રી જીજ્ઞેશભાઈ પારેખ તથા શ્રી કેતનભાઈ રૂપેરા એ સાથે રહીને સફળતાપૂર્વક કાર્ય કરેલ.

### ડેફનેસ - બ્લાઈન્ડનેસ

જુન થી જુલાઈ - ૨૦૧૯ દરમ્યાન, પી.એન.આર.સોસાયટી પ્રવિણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર અન્વયે, અંધત્વ અને બહેરાશ કાર્યક્રમ અંતર્ગત મહુવા નગરપાલિકા સંચાલિત, પ્રાથમિક શાળાઓના, આંખ અને કાનની **૬૭૪૩** બાળકોની તપાસ, ઈ-ચાર્ટ કરી બાળકોની આંખ તપાસવામાં આવી હતી. તેમાંથી દૂરનું ન દેખાતું હોય તેવા બાળકોને, મેન્યુઅલ કીટ દ્વારા અલગ-અલગ લેન્સ દ્વારા પ્રોપર નંબર કાઢી આપવામાં આવ્યાં હતાં. તેમજ બાળકોનાં કાન ઓટોસ્કોપથી તપાસી, કાનમાં રસી આવતી હોય તેવા બાળકોનાં ફોર્મ ભરી, આગળની કાર્યવાહી કરવામાં આવી. આંખને લગતી તકલીફવાળા **૯૮** બાળકો તથા કાનને લગતી તકલીફવાળા **૧૨૯** બાળકો જોવાં મળ્યાં હતાં. જેમાંથી આંખ ત્રાંસી હોય, પાંપણ ઢળેલી હોય, કપાયેલાં હોઠ કે તાળવામાં કાણું હોય તેવા તથા કાનના પડદામાં કાણું હોય અને ઓછું સંભળાતું હોય તેવા બાળકોને, પી.એન.આર. હોસ્પિટલ ખાતે વધુ સારવાર તથા નિદાન અને ઓપરેશન માટે રીફર કરેલ. જેઓને સંસ્થા દ્વારા વિનામૂલ્યે જરુરી સારવાર તાથ વિનામૂલ્યે ઓપરેશન કરી આપવામાં આવે છે. આ બે માસ દરમિયાન **૭** કાનનાં ઓપરેશન કરેલાં તેમાં Tympanoplasty ના **૪** તથા Mastoidectomy ના **૩** ઓપરેશન ડૉ.અશોક બારૈયા (ઈ.એન.ટી. સર્જન) દ્વારા સફળતાપૂર્વક કરી આપવામાં આવ્યાં હતાં.

### પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :-

જુન થી જુલાઈ - ૨૦૧૯ માં બે પ્લાસ્ટિક સર્જરી કેમ્પનું

આયોજન શ્રી જયંતભાઈ વાનાણી (બુધાભાઈ પટેલ) તથા શ્રી નટવરભાઈ મેઘજીભાઈ પટેલ, અમદાવાદના સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૮૧ બાળકોને તપાસી તથા લેસર ટ્રીટમેન્ટ માટે નિદાન કરી, કુલ ૧૦ બાળકોના ફ્રી ઓપરેશન કરી આપવામાં આવ્યાં છે. જેમાં ૪ કપાયેલા હોઠના, ૧ તાળવામાં કાણાંના ૧ હાઈપોસ્પીડીયા, તેમજ ૪ પોસ્ટ બર્ન ઓપરેશન, મુંબઈનાં પ્લાસ્ટિક સર્જન, ડૉ.નરેશ વાઘવાએ કર્યા હતાં. તેમાં હેર રીમુવલ, સ્કાર,પીગમેન્ટેશન, ટેટુ રીમુવલ વિગેરેનાં દર્દીઓ આ અત્યાધુનિક યુનિટનો લાભ લઈ રહયાં છે. તેમજ કોસ્મેટિક સેન્ટરમાં હેર ટ્રાન્સપ્લાન્ટ માટે નિદાન, માર્ગદર્શન તથા રજીસ્ટ્રેશન માટેનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ડૉ.નરેશ વાઘવા, ડૉ. નિરવ ધોળકિયા તથા ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક), પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટનો સ્ટાફ તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી, સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## પેડિયાટ્રીક ઓપ્થેલ્મિક સેન્ટર

જુન થી જુલાઈ - ૨૦૧૯ દરમિયાન પી.એન.આર. સોસાયટી - પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર અન્વયે, અંધત્વ-બહેરાશ કાર્યક્રમ અંતર્ગત, એક પેડિયાટ્રીક ઓપ્થેલ્મિક કેમ્પનું આયોજન તા.૨૨ જુલાઈ -'૧૯ ના રોજ કરવામાં આવ્યું હતું. તેમાં મુંબઈના જાણીતા ડૉ.જનક શાહ તથા ડૉ.પ્રિતી શાહે કુલ ૮૯ બાળકોને તપાસ કરી, તેમાંથી કુલ ૧૨ બાળકોના વિવિધ પ્રકારનાં ઓપરેશન કરવામાં આવ્યાં હતાં. આ કેમ્પ ડૉ.જનક શાહ, ડૉ.પ્રિતી શાહ, ડૉ.નિરવ ધોળકિયા, ડૉ.મેહુલ મોદી, પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટનો સ્ટાફ તથા હોસ્પિટલ સ્ટાફની જહેમતથી સફળતા પૂર્વક કરવામાં આવ્યો હતો.

## મોતિયાનો નિદાન અને સારવાર કેમ્પ

જુન થી જુલાઈ - ૨૦૧૯ દરમ્યાન પી.એન.આર. હોસ્પિટલ દ્વારા, ઘોઘા તાલુકાના પડવા ગામમાં પડવા પ્રાથમિક શાળા ખાતે, ધ દલાલ ફેમિલી ફાઉન્ડેશન (યુ.એસ.) તથા ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લિમીટેડ, વડોદરા સ્વર્ણિમ ઉર્જા ટ્રસ્ટના આર્થિક સહયોગથી, વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પનું આયોજન તા.૮-૬-૧૯ ના રોજ કરવામાં આવેલ. પી. એન. આર. હોસ્પિટલના ઓપ્થેલ્મીક સર્જન ડૉ. પાયલબેન અરોરા દ્વારા આંખની તકલીફવાળા જરૂરિયાતમંદ ૧૦૧ લાભાર્થીને પ્રાથમિક તપાસ કરી, જરૂરિયાત મુજબ ટીપાં, દવા આપવામાં આવેલ, તે પૈકી ૧૪ દર્દીઓને મોતિયાબિંદુના ઓપરેશન માટે પી.એન.આર. હોસ્પિટલમાં રીફર કરવામાં આવેલ.

આ કેમ્પમાં પી.એન.આર. હોસ્પિટલ સ્ટાફ તથા પ્રિવેન્શન વિભાગની ટીમ દ્વારા કેમ્પ કામગીરી કરવામાં આવેલ.

## સ્વ. ડો. સરધારવાલા સાહેબને શ્રધ્ધાંજલિ

પી.એન.આર. સોસાયટીની સેવાયાત્રામાં સહૃદયી ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ સ્વ. ડો. આઈ.બી. સરધારવાલાનું માંચેસ્ટર (યું. કે) ખાતે થયેલ નિધન નિમિત્તે, નટરાજ કોલેજના ઓડિટોરિયમમાં તા.૧૩/૦૭/૨૦૧૯ ના રોજ એક સ્મરણાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે શ્રી દિશીતાબેન જોષી, શ્રી ભાર્ગવભાઈ જોષી, શ્રી જયોતિબેન પરમાર, શ્રી જીજ્ઞાબેન સોલંકી વગેરે દ્વારા ગવાયેલ ભજન, પ્રાર્થના, ધૂન બાદ, સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ) એ સદ્દગતના સાથ, સહકારની વર્ષો જૂની સ્મૃતિઓને તાજી કરતાં, તેઓશ્રીનો સંસ્થાના વિકાસમાં સિંહ ફાળો હોવાની વાત કરી. આ પ્રાર્થના સભામાં પી.એન.આર., બહેરા મૂંગા શાળા, અંકુર, સી.પી. સ્કૂલ, હાઈટેક ઈન્કલુઝીવ સ્કૂલ, લોઢાવાળા હોસ્પિટલ વિગેરે સંસ્થાઓના ટ્રસ્ટીગણ શિક્ષણગણ, કર્મચારીગણ વગેરે ઉપસ્થિત રહેલ હતાં. શોક ઠરાવનું વાંચન શ્રી કે. ડી. પડીયાએ કરેલ, વિશિષ્ટ શિક્ષકશ્રી ખેવનાબેન ઓઝા એ કાર્યક્રમનું સંચાલન કરેલ.



### Appreciation by Sardharwalla Family

**Dear Bababhai,**

I read the "Heart-felt Homage to Dr. Sardharwala", and am touched and moved by the tribute. As you know, being associated with PNR Society was a great honour for Imdadbhai. He spoke of it incessantly, and was very proud to have contributed to its advancement. I know he will remain in your heart and memories for always, as he does in ours, and I am greatly comforted.


Thank you for a fitting tribute.

**- Abdul Sardharwalla, U.K.**



# સંક્ષિપ્ત સમાચાર

જીજ્ઞાબહેન શાહ



## મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા

### વિશ્વ યોગ દિવસ

તા. ૨૧/૬ને શુક્રવારના રોજ 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવેલ. જેમાં ભાવનગર કોર્પોરેશન અને સમાજ સુરક્ષા ખાતાના સંયુકત ઉપક્રમે જવાહર મેદાન ખાતે, યોગદિનની ઉજવણી કરવામાં આવેલ, જેમાં નટરાજ સી.પી. સ્કૂલનાં ૨૫ બાળકો ૧૦ શિક્ષકો અને ૪ કેરટેકર સહિત ૩૯ લોકોએ ભાગ લીધો હતો. જેમાં પ્રાણાયામ, અલગ અલગ આસનો, તેમજ તે દરેકના ફાયદા અને મર્યાદા અંગે લાઈવ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ યોગદિન માટે કાર્તિકભાઈ વ્યાસ અને ખેવનાબેન ઓઝા દ્વારા માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવેલ. શ્રી જિજ્ઞાબેન શાહ, તેમજ સમગ્ર સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

### ઇન્સ્પાઈરિંગ કલાસરૂમ



તા. ૨૯/૬ને શનિવારના રોજ 'અર્લી ચાઈલ્ડહૂડ એસોશિએશન' દ્વારા ટીચર્સ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાવનગરની ૧૦૦થી વધુ શાળાના શિક્ષકોએ ભાગ લીધેલ. જેમાં સી.પી. સ્કૂલ માંથી જિજ્ઞાબેન શાહ, દિશા વિકાસ પ્રોજેકટમાંથી બીનાબેન જાની અને ખૂશ્બુબેન પંડયા ઉપસ્થિત રહેલ. જેમાં મિ. શૈશવે ૨૧મી સદીના કલાસરૂમઃ વિદ્યાર્થીઓ શું મેળવવા માંગે છે? એની વિરૂધ્ધ આપણે શું આપીએ છીએ?, મિસ રૂપા અને મિસ મોનિષાએ 'પોઝિટિવ ડિસિપ્લીન' વિષે શરૂઆતથી અંત સુધી તથા ડો. આયના, મિસ નંદિની, મિસ સીમા તથા ડો. ભૂમિબા ગોહિલની પેનલ દ્વારા, 'કલાસ રૂમમાં વ્યકિતગત ભિન્નતા' વિષય પર, પેનલ ડિસ્કશન કરવામાં આવેલ.

### સ્પેશ્યલ કિડ્સ કાર્નિવલ




તા. ૩૦/૬ને રવિવારના રોજ ઈસ્કોન ક્લબ ખાતે, ત્રિલોક ફાઉન્ડેશનના સાનિધ્યથી, સ્પેશ્યલ કિડ્સ કાર્નિવલનું આયોજન કરવામાં આવેલ. જેમાં ચિત્રકામ, ડાન્સ, ગાયન, ફેન્સીડ્રેસ કોમ્પિટીશન જેવાં ઈવેન્ટનું આયોજન કરવામાં આવેલ. જેમાં નટરાજ સી.પી. સ્કૂલ તથા સંલગ્ન પ્રોજેકટ માંથી ૯૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાંથી ગાયન, ડાન્સ તથા ફેન્સી ડ્રેસ ઈવેન્ટમાં શાળાના વિદ્યાર્થીઓએ ખૂબજ ઉત્સાહભેર ભાગ લઈ, પુરસ્કાર પ્રાપ્ત કરેલ.

### સી.આર.ઇ. પ્રોગ્રામ

તા. ૨ થી ૪ જૂલાઈ ના રોજ પી.એન.આર. સોસાયટી દ્વારા સંચાલિત KKBS Teacher's Training Collage અને પી.એન.આર. સોસાયટી દ્વારા ત્રિદિવસીય સી.આર.ઈ. પ્રોગ્રામ"Strategies for Children For Difficulties in Swallowing & Eating" વિષય પર આયોજન કરેલ. જેમાં ચેન્નઈથી આવેલ તજજ્ઞ ડો. કાર્તિક રાવ દ્વારા Sensory Integration, Feeding & Eatingજેવા Topic, ઉપર અલગ-અલગ ક્ષેત્રમાંથી આવેલા તાલીમાર્થી, વિશિષ્ટ શિક્ષકોને થીયરી અને પ્રેકટીકલ બન્નેનું પૂરતું જ્ઞાન આપવામાં આવેલ. આ ટ્રેનિંગમાં Sensory Training આ ૫ ઉપરાંતની બીજી બે ઈન્દ્રીય તાલીમ જેમ કે Vestibular & Proprioseptive Sensory વિશે સમજાવેલ. આ ઉપરાંત Modulation Disorder,Adaptive Responce, Clinical Observation & Assessment તેમજ Alert Programe વિશેના Taskની માહિતી પૂરી પાડેલ. તેમજ Topic Oral Pre Phase Oral Phase, Pharanged Phase Oesophagel Phase તેમજ Feeding

Difficulty વિશે સમજાવેલ.જેથી તેઓ પોતાના ક્ષેત્રમાં જઈ તેનો અમલીકરણ કરી દિવ્યાંગ બાળકના વિકાસમાં ઉપયોગી બનાવી શકે. આ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન તેમજ સંચાલન શ્રી જિજ્ઞાબેન શાહના માર્ગદર્શન હેઠળ શ્રી કલ્પનાબેન ભટ્ટ તેમજ શ્રી રેશ્માબેન ભાવસાર દ્વારા કરવામાં આવેલ.

## સ્ટાફ ટીચર્સ ટ્રેનિંગ પ્રોગ્રામ

તા. ૨ થી ૪ જૂલાઈ ના રોજ પી.એન.આર. સોસાયટી દ્વારા સ્ટાફ ટીચર્સ ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ જેમાં ચૈન્નાઈથી આવેલ તજજ્ઞ ડો. કાર્તિક રાવ દ્વારા, "Handwriting Management for children with CWSN" & Aquatic therapy for children with cerebral palsy" વિષય પર તમામ સ્ટાફ મેમ્બરને Practical work સાથેની માહિતી પૂરી પાડેલ. તેમજ Demonstration દ્વારા બાળકોને Hydro therapy કરાવી માહિતી તેમજ માર્ગદર્શન પૂરું પાડેલ, આ ઉપરાંત આ ટ્રેનિંગમાં Hand writing જેમાં Ending, Nonending, Repitative tecnique જેવી ટેકનીક સમજાવેલ. તેમજ Hydro therapyમાં Water Specific Therapyની દરેક Excercise કરી સમજાવવામાં અવેલ હતી. આ પ્રોગ્રામનું આયોજન તેમજ સંચાલન, શાળાના આચાર્યા શ્રી જિજ્ઞાબેન શાહના માર્ગદર્શન હેઠળ શ્રી રેશ્માબેન ભાવસાર દ્વારા કરવામાં આવેલ.

## ગુરૂ પુર્ણિમાની ઉજવણી



તા. ૧૬/૭ને મંગળવારના રોજ નટરાજ સી.પી. સ્કૂલ તથા સંલગ્ન પ્રોજેકટના બાળકોને ગુરૂદેવ તથા મીરાંબાઈ બનાવી તથા બીજા બાળકોને વિવિધ વેશભુષા ધારણ કરી ગુરૂ ભજનો, શ્લોક, ગુરૂમહિમા વિશે વકતવ્ય જેવી વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરી, ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરી, ગુરૂવંદના કરવામાં આવી હતી. જેમાં બધાજ બાળકોએ ભાગ લઈ મોં મીઠું કરી ગુરૂને વંદન કર્યા હતાં. વિદ્યાર્થીઓને શ્રી ચિત્રાબેન ભંડારીના પરિવાર તરફથી આવેલ વસ્તુઓની ભેટ આપવામાં આવી હતી.

## ઓર્થોટીક્સ કેમ્પ



તા. ૧૭/૭ને બુધવારના રોજ નટરાજ સી.પી. સ્કૂલમાં ઓર્થોટીકસ કેમ્પ યોજવામાં આવેલ. જેમાં ૩૨ લાભાર્થી બાળકો જોડાયેલ. જેમાં જરૂરિયાતવાળા ૨૧ બાળકોના ઓર્થોકસીસ બનાવવા માટે માપ લેવામાં આવેલ. જેવા કે AFO, KAFO, Elbow Splint, Wrist Splint, Cervical coller. આ કેમ્પમાં નટરાજ સી.પી. સ્કૂલ તથા દિશા વિકાસ પ્રોજેક્ટ, ડે કેર સેંટર તથા સિહોર, પાલિતાણાના ગ્રામ્ય વિસ્તારના બાળકોના હલનચલન અને શારીરિક મુદ્રાને સુધારવામાં મદદરૂપ બનશે. આ કેમ્પમાં શ્રીજી આર્થોટીક એન્જીનીયરના શ્રી જિજ્ઞેશભાઈ ઝાલાએ સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ ડો. કલ્પેશભાઈ દેસાઈએ કરેલ.

## વૃક્ષારોપણ કાર્યક્રમ



તા. ૧૯/૦૭/૧૯ ના રોજ નટરાજ કોલેજ કેમ્પસને હરિયાળું બનાવવાના આશયથી નટરાજ સી.પી. સ્કૂલના વિદ્યાર્થીઓ, સંસ્થાના સેક્રેટરી શ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશીયા, આચાર્યા શ્રી જિજ્ઞાબેન શાહ તથા શ્રી જિજ્ઞેશભાઈ પારેખ, શ્રી કેતનભાઈ રૂપેરા, શ્રી વરૂણભાઈ વ્યાસ વગેરેના હસ્તે વિવિધ જાતના વૃક્ષોનું વૃક્ષારોપણ, 'પર્યાવરણ બચાવો' ના ભાવાર્થ સાથે કરાયું હતું. વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત સર્વે દ્વારા પર્યાવરણને બચાવવા અને વૃક્ષોનું જતન કરવાનો શુભ સંકલ્પ લેવાયો હતો. આ વૃક્ષારોપણના કાર્યને સફળ બનાવવા માટે આચાર્યાશ્રીના માર્ગદર્શન હેઠળ સંસ્થાના સ્ટાફ તથા બાગકામના અનુભવી શ્રી કૃપાલભાઈ ચૌહાણએ ઉત્તમ કામગીરી કરી હતી.



# સંક્ષિપ્ત સમાચાર

✍ મહાસુખભાઈ જકડિયા



## પી. એન. આર. હૉસ્પિટલ

**મે - ૨૦૧૯ થી જુન-૨૦૧૯ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહત દરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા | વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ઓર્થોપેડિક | ૭૦૯ | ૩૩ (૦૫ પોલીયો) | એકસ-રે | ૧૮૦ | - |
| આંખ વિભાગ | ૧૦૫૪ | ૨૭૨ | લેબોરેટરી | ૫૨૫-દર્દી | ૧૪૯૦ ટેસ્ટ |
| ઈ.એન.ટી. (કાન,નાક,ગળા) | ૮૮૨ | ૩૬ | રસીકરણ | ૫૦ | - |
| | | | રૂબેલા | ૪૪ | - |
| ઓર્થોસ્કોપી | ૭૭ | ૦૧ | ચામડી | ૪૯ | - |
| પ્લાસ્ટીક સર્જરી | ૮૧ | ૨૬ | ઓરલ સર્જન | ૦૫ | ૦૪ |
| હેર ઈમ્પ્લાનટ | ૨૦ | ૦૨ | ફિજીશ્યન | ૧૬ | - |
| ઓર્થો ડેન્ટલ | ૨૬૨ | ૨૧૩ | ત્રાંસી આંખ | ૪૮ | ૧૨ |
| જનરલ ઓપીડી | ૯૭૨ | - | પીડિયાટ્રિક ડેન્ટલ | - | - |

## શ્રી નિલેશભાઈ વાઘરનું ઉત્તમ કાર્ય

પી.એન.આર. હોસ્પિટલનાં આર્થોસ્કોપી સર્જરીમાં ઉપયોગમાં લેવામાં આવતું ઈન્સ્ટ્રુમેન્ટનો, મશીનરીની કોઈ ખામીનાં કારણે ઉપયોગ થઈ શકતો ન હતો અને તે કંપનીનાં ઓથોરીટી એન્જીનીયરે, પાર્ટ મળતાં ન હોય, જૂનું મોડલ હોય, રીપેરિંગ કરવાની પણ અશકિત દર્શાવેલ.

આ વિગતની જાણ સંસ્થાના પ્રમુખશ્રી શશીકાંતભાઈ વાઘરને થતાં, તેઓએ પોતાના પુત્ર સંચાલિત મીરેકલ ઈલેકટ્રોનીકસ કંપની, બેંગલોર ખાતે ઈન્સ્ટ્રુમેન્ટ મોકલાવેલ. જયાં શ્રી નિલેશભાઈ વાઘરે જાતે રસ લઈ, તેમાંની ખામી દૂર કરી, ભાવનગર પહોંચતું કરેલ છે, જે માટે તેઓએ કોઈ ચાર્જ લીધેલ નથી.

આમ રૂપિયા ચાર લાખની અંદાજીત કિંમત ધરાવતું આ ઈન્સ્ટુમેન્ટ હોસ્પિટલમાં ફરી કામમાં ઉપયોગી બની રહયું છે, તે માટે પિતા-પુત્રને ખૂબજ ધન્યવાદ અને શુભેચ્છા સહ આભાર...

## દિવ્યાંગ બાળકોનો પ્રવાસ


પી.એન.આર. સોસાયટી સંચાલિત સેરેબ્રલ પાલ્સી (મગજના લકવાવાળા) નટરાજ સી.પી. સ્કૂલ, કાળીયાબીડ, ભાવનગર દ્વારા, તા. ૨૨/૭ ના રોજ વ્હીલચેરનો ઉપયોગ કરતાં સી.પી. બાળકો તથા ઓટીઝમ બાળકો તથા દિશા-વિકાસના માનસિક અક્ષમ એવા કુલ ૫૮ બાળકો તથા ૩૫ વાલીઓ માટે ખોડિયાર મંદિર તથા ગૌતમેશ્વર (શિહોર) ના પ્રવાસનું આયોજન કરેલ. બાળકોએ ખૂબજ ઉત્સાહભેર પ્રવાસનો આનંદ માણેલ. આ પ્રવાસને સફળ બનાવવા માટે શાળાના આચાર્યા શ્રી જિજ્ઞાબેન શાહના માર્ગદર્શન નીચે શ્રી જયોતીબેન પરમાર અને શ્રી કાર્તિકભાઈ વ્યાસે જહેમત ઉઠાવેલ. આ પ્રવાસનો હેતુ દિવ્યાંગ વિદ્યાર્થીઓમાં સામાજીકીકરણના કૌશલ્યનો વિકાસ કરવાનો હતો.





# સંક્ષિપ્ત સમાચાર

✍ કૌશિક પરમાર



## એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક એન્ડ ઈન્સ્ટિટ્યૂટ

### એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કના તાલીમાર્થીઓને કોમ્પ્યુટર થિયરી પુસ્તકોનું વિતરણ



પી.એન.આર. સોસાયટી સંચાલિત એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક, ભાવનગરમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી વિકલાંગ ભાઈ-બહેનો અત્રે એડમિશન મેળવી કોમ્પ્યુટરની વિનામૂલ્યે તાલીમ મેળવી રહયાં છે. ૨૦૦૧માં શરૂ થયેલ આ સેન્ટરમાં વર્ષ ૨૦૧૭-૧૮ સુધીમાં કૂલ ૨૬૬૮ જેટલુ વિવિધ કોર્સમાં વિકલાંગ ભાઈ-બહેનોનું એનરોલમેન્ટ થયેલ છે. વર્ષ ૨૦૧૯-૨૦ માં એપ્રિલથી ભાવનગર સેન્ટર ખાતે ૩૮ અને સિહોર શાખા ખાતે ૧૬ એમ કુલ ૫૪ એનરોલમેન્ટ કોમ્પ્યુટર બેઝિક, ડીટીપી, હાર્ડવેર એન્ડ નેટવર્કિંગ, મોબાઈલ રીપેરિંગ જેવા વિવિધ કોર્સમાં થયું છે. વિકલાંગ તાલીમાર્થીઓને પ્રેકટીકલ તાલીમની સાથો-સાથ થિયરીથી પણ કોમ્પ્યુટરના વિષયોની જીણવટભરી માહિતી મળી રહે, તેવા હેતુથી થીયરીના પુસ્તકો વિતરણ કરવામાં આવેલ. આ પુસ્તકો સિહોર સેન્ટર ખાતે તા. ૨૭.૬.૨૦૧૯ના રોજ મહેમાનો અને શુભેચ્છકોના વરદ હસ્તે અર્પણ કરવામાં આવેલ. પુસ્તકોની સાથે ફુલસ્કેપ ચોપડા પણ આપવામાં આવેલ. સિહોર સેન્ટર ખાતે પુસ્તકો અને ફુલસ્કેપ ચોપડાના અર્પણવિધી કાર્યક્રમમાં ગોકુલ રેસ્ટોરન્ટના માલિક શ્રી અનિલભાઈ, મુની પેંડાવાળા શ્રી અશોકભાઈ, ભાજપના કાર્યકર શ્રી અલ્પેશભાઈ ત્રિવેદી, જાયન્ટસ ગ્રુપના શ્રી હાર્દિકભાઈ, ભરતભાઈએ ઉપસ્થિત રહી વિકલાંગ તાલીમાર્થીઓના ઉત્સાહમાં ઉમેરો કર્યો હતો. આ પ્રસંગે સિહોર સેન્ટર ખાતે કાર્યરત સંસ્થાના કાર્યકરો શ્રી માધવજીભાઈ, શુભમભાઈ, રમેશભાઈ નાકીયા, જીજ્ઞાબેન દવેએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રુચિતાબેન દ્વારા કરવામાં આવેલ. ભાવનગર ખાતે પુસ્તક વિતરણ કાર્યક્રમમાં વિઝીટીંગ ફેકલ્ટીશ્રી સાગરભાઈ બુધ્ધદેવ, નરેન્દ્રભાઈ ભટ્ટ, રીટાબેન પરમારે કામગીરી કરેલ.

## વિકલાંગ બહેનોનો વર્કશોપ

"શ્રીમતી જયોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશકિતકરણ યોજના" અંતર્ગત પી.એન.આર. સોસાયટી ભાવનગર અને સિહોર રિર્સોસ સેન્ટરમાં ફેશન ડિઝાઈનીંગનો કોર્સ ચાલે છે. આજના યુગમાં ફેશન ડિઝાઈનીંગનું મહત્વ હોવાથી વિકલાંગ બહેનોના જ્ઞાનમાં વૃધ્ધિ થાય તે હેતુસર તા. ૩૧/૦૭/૨૦૧૯ના રોજ ફેશન ડિઝાઈનીંગ એક્ષપર્ટ શ્રીમતી અમીબેન દોશી અને શ્રી અમીતભાઈના માર્ગદર્શન હેઠળ, નટરાજ કેમ્પસના ભાવનગર સેન્ટર ખાતે , એક દિવસીય વર્કશોપ યોજાયો હતો. જેમાં કુલ ૨૭ બહેનો, ફેકલ્ટીઝ અને સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ અને શ્રી કેતનભાઈ રૂપેરા ખાસ ઉપસ્થિત રહેલ.





# સંક્ષિપ્ત સમાચાર

✍ સેજલ મહેતા



## શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ

### જન્મદિવસ

પોતાના જન્મદિવસને કેવી રીતે ઉજવવો તે વ્યકિત પોતાની રીતે નકકી કરે છે. અમૂક વ્યકિતઓ પ્રેરક બનીને, તો અમૂક વ્યકિતઓ બીજાને મદદરૂપ બનીને પોતાના જન્મદિવસને ખાસ બનાવે છે. શ્રી ખી. લ. બહેરામૂંગા શાળાના વિદ્યાર્થીઓને ઉપયોગી એવી બોલપેનની ઉમદા ભેટ આપીને શ્રી અનિરુધ્ધસિંહ સોઢાએ પોતાના જન્મદિવસને યાદગાર બનાવેલ. વિદ્યાર્થીઓએ તથા શિક્ષકોએ તેઓને જન્મદિવસની શુભેચ્છા પાઠવેલ તથા આભાર વ્યકત કરેલ.

### કિડ્ઝ કાર્નીવલ



તા. ૩૦/૬/૨૦૧૯ના રોજ ઈસ્કોન કલબ ભાવનગર ખાતે ડૉ. અલ્પાબા ગોહિલે ‘‘કિડ્ઝ કાર્નીવલ’’ અંતર્ગત સમગ્ર દિવ્યાંગોને ભેગા કરી હરિફાઈનું આયોજન કર્યુ. સાથો-સાથ દિવ્યાંગોને આનંદ આવે તે હેતુથી રમત અને ડાન્સ પાર્ટીનું પણ આયોજન કર્યુ હતું. આ બાળકોનાં વાલીઓને મનમાં ઘણી વિટંબણા હોય છે. તેઓ ઘણાં પ્રશ્નો ઘેરાયેલા હોય તેને ધ્યાને લઈ, તેઓએ તજજ્ઞોની પેનલ ડિસ્કશન દ્વારા તે પ્રશ્નોનું નિરાકરણ લાવવાનો પ્રયાસ કર્યો હતો. આ કિડ્ઝ કાર્નિવલમાં આપણી શાળાના બત્રીસ બાળકોએ જુદી-જુદી સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમાં રાજસ્થાની ડાન્સમાં પ્રથમસ્થાન પ્રાપ્ત કર્યુ હતું. આમ વિવિધ સ્પર્ધામાં ઊતીર્ણ થઈ વિદ્યાર્થીઓએ શાળાનું ગૌરવ વધાર્યુ છે. આ વિદ્યાર્થીઓ સાથે શાળાના શિક્ષકો શ્રી કવિતાબેન શાહ, શ્રી કીર્તિદેવસિંહ ગોહિલ, શ્રી દર્શનાબેન જાની અને શ્રી મનીષાબેન ત્રિવેદીએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

### ગુરુ વંદના કાર્યક્રમ

તા.૧૬/૦૭ ના રોજ આપણી સંસ્થાના વિદ્યાર્થીઓ તથા



શિક્ષકો દ્વારા ગુરુપૂર્ણિમાં પર્વની ઉજવણી કરવામાં આવી હતી. માધ્યમિક વિભાગના શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ગુરુ પૂજન, ગુરુ પૂર્ણિમાના મહિમાનું વર્ણન કરતી વિડિયો કલીપ્સ વગેરે દ્વારા આ દિવસનું મહત્વ સમજાવવા પ્રયત્ન કર્યો હતો. વિદ્યાર્થીઓએ ગુરુ-શિષ્યનું નાટક રજૂ કરેલ તથા પોતાના ગુરુઓને વંદન કરીને તથા પોતાની તેમના ગુરુઓ પ્રત્યેની લાગણીઓને Sign Language દ્વારા વ્યકત કરી હતી. આ કાર્યક્રમમાં પ્રાથમિક શાળાના આચાર્યશ્રી ઈલાબહેન, સાંસ્કૃતિક કમિટીના ચેરમેનશ્રી અનંતભાઈ શાહ, તથા પી.આર. વાધર સેન્ટરના હેડ શ્રી વિપુલભાઈ અને શાળાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ આ કાર્યક્રમમાં હાજરી આપી, વિશેષ સ્થાન શોભાવ્યું હતું.

### વિશ્વ યોગ દિનની ઉજવણી



શ્રી શાહ ખી.લ. બહેરા-મૂંગા શાળાના શ્રવણમંદ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી મેદાન ખાતે યોગ દિનની ઉજવણીમાં ભાગ લીધો હતો. યુનિવર્સિટી મેદાનમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો યોગ માટે ઉપસ્થિત રહયાં હતાં. તેમાં આપણી શાળાના ધોરણ ૫ થી ૧૨ના વિદ્યાર્થીઓ અને શાળાના તમામ શિક્ષકો તથા આચાર્યશ્રીએ પણ યોગાસનો કર્યા હતાં. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી



દ્વારા ઝારખંડમાં અપાયેલ યોગ સંદેશનું જીવંત પ્રસારણ શિક્ષકોએ વિદ્યાર્થીઓને Sign Languageમાં સમજાવ્યું હતું. જેમાં યોગ કરવાથી શરીર તંદુરસ્ત બને છે. જો નાની ઉંમરથી જ યોગ કરવામાં આવે તો તેના સ્વાસ્થ્ય અને મન ઉપર થતી પોઝિટીવ અસર પડે તે વિશેની ખૂબજ સુંદર સમજ આપી હતી. મંચસ્થ મહાનુભાવોની વચ્ચે દિવ્યાંગ બાળકો અને સમધારણ બાળકોના સમન્વયને બિરદાવવામાં આવ્યો હતો.

## અભિનંદન



શ્રી શાહ ખી.લ. બહેરાં મૂંગા શાળાનાં શિક્ષિકાશ્રી કવિતાબેન પારસભાઈ શાહ, જેઓ નેશનલ કન્વેન્શન ઓફ ઈન્ડિયા **(NCED)** ના આસિસ્ટન્ટ સેક્રેટરીના હોદા પર વર્ષ ૨૦૧૯-૨૦ થી ૨૦૨૧-૨૨ સુધી નિમણૂંક પામેલ છે. જે માટે સંસ્થા ગૌરવ અનુભવે છે.


## મુલાકાત

તા. ૧૭/૦૭ ના રોજ શાળાની મૂલાકાતે શ્રી ગિરીશભાઈ શાહ, શ્રી પ્રમોદભાઈ નાગરાજ તથા શ્રી આર. કે. પટેલ - ઝઘડિયા (ભરુચ જિલ્લો) થી આવેલ. તેઓ સંસ્થાના વિવિધ વિભાગ જોઈ અભિભૂત થયેલ.

## પ્રેરક કાર્ય

શ્રી ખી.લ. બહેરા મૂંગા શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની આયુષી અતુલભાઈ સવાણી કે જે કોકલિયર ઈમ્પલાન્ટ કરાવી સાધારણ બાળકોની શાળામાં ભણી રહી છે. થોડા વખત પહેલા તેના કોકલિયર ઈમ્પ્લાન્ટનું ટ્રાન્સમીટર (સાઉન્ડ પ્રોસેસર) ખરાબ થઈ ગયું હતું. જે નવું ખરીદવું પડે તેમ હતું તેનો ખર્ચ અંદાજે રૂા. ૫૦,૦૦૦/- હતો. આયુષીના માતા-પિતા ખૂબ મૂશ્કેલીથી માત્ર રૂા. ૨૫,૦૦૦/- ભેગા કરી શકયા. તેમણે મદદ માટે શાળાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાને વાત કરી. શ્રી અશ્વિનભાઈએ જણાવ્યું કે શાળામાંથી મંત્રી તરીકે કોઈ મદદ ન કરી શકું પણ અંગત રસ લઈ મદદરૂપ થઈ શકું, તેઓએ વાલીને રૂા.૨૫,૦૦૦/- ઉમદા સહાય અપાવી અને આયુષીના કોકેલિયર ઈમ્પ્લાન્ટનું નવું ટ્રાન્સમીટર આપ્યું. મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાના આ પ્રેરક કાર્યથી, સંસ્થા પરિવાર ગૌરવ અનુભવે છે.

## ટ્રસ્ટીશ્રી મફતભાઈનો જન્મદિવસ



તા. ૨૪ જુલાઈ ૨૦૧૯નાં દિવસે શાળાના ટ્રસ્ટીશ્રી અને વડીલશ્રી મફતભાઈનો જન્મદિવસ હતો. આ પ્રસંગે સંસ્થા વતી શાળાનાં બાળકો દ્વારા શ્રી મફતભાઈને પુષ્પગચ્છ આપવામાં આવેલ. શ્રી મફતભાઈએ, ધ સિક્રેટ નામનું પુસ્તક, બધાં શિક્ષકોને વાંચવા માટે અનુરોધ કરેલ. શ્રી મફતભાઈએ તેમના વકતવ્યમાં કહેલ, "તમે સૌ પોઝીટીવ બાબતોના જ વિચાર કરો, તો અવશ્ય તે વસ્તુ પોઝીટીવ થશે જ. સમગ્ર બ્રહ્માંડમાંથી ચેતના આપણી તરફ વહી રહી છે." આ પ્રસંગે શાળાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, શાળાનાં વડીલશ્રી જીતુભાઈ મહેતા ખાસ ઉપસ્થિત રહયાં હતાં. શાળાના પ્રિન્સીપાલશ્રી એ સમગ્ર સ્ટાફ વતી, જન્મદિવસની શુભેચ્છા પાઠવેલ.

## દંતચિકિત્સા કેમ્પ

તા. ૨૪/૭/૧૯ બુધવારના રોજ શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળામાં મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાના પ્રયત્નોથી દંતચિકિત્સા કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં પી.એન.આર. હોસ્પિટલના ડેન્ટિસ્ટ ડો. માર્ગીબહેન દોશી અને ડો. વંદનાબહેન દેવમુરારીએ નર્સરી થી ધો. ૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓના દાંતની તપાસ કરેલ. તેઓ સાથે પી.એન.આર. હોસ્પિટલ સ્ટાફ નર્સશ્રી દિનાબહેન, એટેન્ડન્ટ શ્રી લીલાબહેન, શ્રી ગૌરીબહેન અને કો. ઓર્ડિનેટર તરીકે શ્રી ચેતનભાઈ રાણા રહેલ. આ પ્રસંગે સંસ્થાના શ્રી મહાસુખભાઈ જકડિયા ખાસ ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે ડો. માર્ગીબેન દોશી તરફથી સંસ્થાના ૩૫૦ બાળકોને ટુથબ્રશ આપવામાં આવ્યાં હતા.

## કઠપૂતળીનો ખેલ

તા. ૨૬/૭/૨૦૧૯ શુક્રવારે શ્રી ખી.લ. બહેરા-મૂંગા સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને કઠપૂતળીનો ખેલ બતાવવાનું આયોજન થયેલ. લુપ્ત થતી આ કલાને બતાવવા માટે સિદસરથી બે કલાકાર આવેલ. આ ખેલ નર્સરી થી ધો. ૧૨ સુધીના બધા જ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ નિહાળેલ. સંસ્થાના વડીલશ્રી મફતભાઈ અને મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા પણ ખાસ ઉપસ્થિત રહેલ.

## આચાર્યશ્રીની નિમણૂંક

તા. ૨૮/૭/૨૦૧૯નાં રોજ, કમિશ્નર કચેરી ગાંધીનગર અને

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ભાવનગરનાં સંયુકત ઉપક્રમે, શ્રી નંદકુવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય, ભાવનગર ખાતે આચાર્ય ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ. જેમાં શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી મહાલક્ષ્મીબેન અને જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક શાળામાં આચાર્યની જગ્યા ભરવા માટેનાં ઈન્ટરવ્યુમાં શ્રી શૈલેશભાઈ કે. દવેની પ્રથમક્રમે પસંદગી થતાં, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એન. જી. વ્યાસ અને સંસ્થાનાં મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ નિમણૂંક હૂકમ આપેલ છે.





# સંક્ષિપ્ત સમાચાર

સ્નેહાબેન જોષી



## કે. એલ. છાત્રાલય તથા ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય

- તા. ૧૩/૦૬ હેલ્પિંગ હેન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા, છાત્રાલયનાં તમામ બાળકો માટે સ્ટેશનરી ડિસ્ટ્રીબ્યુટ કરવામાં આવી હતી. આ ગૃપમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયનાં વિદ્યાર્થીઓ દ્વારા આ ટ્રસ્ટ કાર્યરત છે.
- તા. ૧૩/૦૬ આ દિવસથી ૨૫ ગુરૂવાર સુધી બપોરનાં નાસ્તા માટેનું ડોનેશન "શ્રી ૐ સાંઈરામ" તરફથી આપવામાં આવેલ છે.
- તા. ૨૧/૦૬ છાત્રાલયની બાળા નિરાલી રામજાણી જન્મદિવસ હોવાથી તે દિવસે છાત્રાલયનાં બધાંજ બાળકોને જન્મદિવસ નિમિત્તે ફ્રૂટ આપેલ.
- તા. ૨૬/૦૬ સર.ટી. હોસ્પિટલની હોસ્ટેલમાં રહેતી નર્સિંગ કોલેજની વિદ્યાર્થીનીએ પોતાનાં જન્મદિવસ નિમિત્તે શાળાના લોકલ બાળકોને તેમજ છાત્રાલયના બાળકોને સમોસા અને કોલ્ડ્રીંકસનો નાસ્તો કરાવી પોતાનો જન્મદિવસ ઊજવેલ.
- તા. ૧૧/૦૭ કોલેજનો વિદ્યાર્થી (પોતાનું નામ નહીં જણાવતાં) પોતાનાં જન્મદિવસ નિમિત્તે શાળાનાં ધો. ૧ થી ૮નાં બધાં જ બાળકોને બોલપેન ભેટ આપેલ.
- તા. ૧૧/૦૭ શ્રી ફાઉન્ડેશન યુવા પેઢીનું ગ્રુપ જેઓ દર ગુરૂવારે કોઈ ને કોઈ સંસ્થામાં બાળકોને નાસ્તા વિતરણ કરે છે. આજ રોજ આપણાં બધા જ બાળકોને બપોરનો નાસ્તો કરાવેલ.

# દિશા કમ વિકાસ પ્રોજેકટ

આ પ્રોજેકટ અંતર્ગત વિવિધ વિકલાંગતાના ધરાવનારા ૦ થી ૧૦ વર્ષ તથા ૧૦ થી ૧૮ વર્ષના બાળકોને વિવિધ ટ્રેઈનિંગોની સાથે, વોકેશનલ ટ્રેઈનિંગ પણ આપવામાં આવે છે. જેમાં તેઓ મીણબતી, ગરબા, એપ્રોન, કીચન, મનીકવર, માઈક્રોવેવ રોટી કવર, પડિયા, નાનખટાઈ વિગેરે વસ્તુઓ, શિક્ષકોના માર્ગદર્શન નીચે બનાવી તેનું વેચાણ પણ કરવામાં આવે છે. જેમાં ગત વર્ષે રૂા. ૨૦,૭૫૦/- નું વેચાણ થયેલ હતું. વિકલાંગોના પુનર્વસનની આ અગત્યની કામગીરી, આચાર્ય શ્રી જીજ્ઞાબેન શાહના માર્ગદર્શન નીચે શિક્ષકો શ્રી રીનાબેન વસોયા તથા શ્રી હર્ષાબેન પાડલિયા ખૂબ જહેમતપૂર્વક કરી રહયાં છે.





# સંક્ષિપ્ત સમાચાર

✍ નેહલ ગઢવી



## 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની વિશિષ્ટ શાળા

### ગેટ ટુ ગેધર



તા. ૧૮/૬/નાં રોજ 'હાસ્ય મંથન' કાર્યક્રમની સફળતાની ઉજવણી અંતર્ગત, એક ગેટ ટુ ગેધર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમની શરૂઆતમાં PNR સોસાયટીના ચીફ એકઝીકયુટીવ શ્રી અનંતભાઈ શાહે (બાબાભાઈ) 'અંકુર' ની અત્યાર સુધીની સફર અંગેની વાત કરેલ. આ ગેટ ટુ ગેધરમાં ટ્રસ્ટીશ્રીઓ તથા સ્ટાફ પરિવારના સભ્યો સહિત સૌ હાજર રહેલ અને શાળાના માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ તથા માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ તરફથી સ્વરૂચી ભોજન સમારંભ રાખવામાં આવેલ.



### આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

દર વર્ષની માફક આ વર્ષે પણ તા. ૨૧/૦૬/૨૦૧૯નાં જિલ્લા પ્રશાસન દ્વારા, યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે, આંતરાષ્ટ્રીય યોગ દિવસની સુંદર ઉજવણી કરવામાં આવેલ. જેમાં ૫૦ બાળકો તથા સમગ્ર સ્ટાફે ઉત્સાહ ભેર ભાગ લીધેલ.

### કીડઝ્ કાર્નિવલ

તા. ૩૦/૦૬ ના રોજ ત્રિલોક ફાઉન્ડેશન - ભાવનગર દ્વારા, ઈસ્કોન કલબ ખાતે "કીડઝ્ કાર્નિવલ" નું આયોજન કરવામાં આવેલ,જેમાં શાળાના બાળકોએ વેશભુષા, ડ્રોઈંગ, ક્રાફટ, રમત-ગમત વિ. વિવિધ ઈવેન્ટસમાં ઉત્સાહભેર ભાગ લીધેલ.




### મીટિંગ

માનદ્ મંત્રીશ્રી ડી. જે. ધંધુકિયા સાહેબની અધ્યક્ષતામાં, સામાન્ય કરીકયુલમ અને સ્પેશ્યલ કરીકયુલમના સમન્વય અંગે તથા કયા કરીકયુલમ, એમ.આર. બાળકો માટે વધુ હિતાવહ છે, તે અંગે સ્ટાફ મિત્રો સાથે ગહન ચર્ચા-વિચારણા કરવામાં આવેલ.

### અભિપ્રાય

**પ્રિય શ્રી પારસભાઈ,**

શ્રીમતી રૂક્ષ્મણીબેન દીપચંદભાઈ ગાર્ડી 'સર્વ શિક્ષા અભિયાન' કાર્યક્રમ હેઠળ થઈ રહેલ સુંદર કામની વિગતો મળી. લગભગ બધાં જ બાળકો સારી રીતે પ્રગતિ કરી રહ્યાં છે તે જાણી આનંદ. બ્રેઈલમાં મધ્યમ, ઉચ્ચ પ્રકારની પ્રગતિ છે અને તેવી જ રીતે ગણિતમાં. તેમાંય વળી, બેન જયશ્રી અને જયોતિશાની પ્રગતિ ધ્યાનાકર્ષક છે. તમારી ટ્રેનિંગ છે આટલું સુંદર ધ્યાન અપાઈ રહ્યું છે. જરૂર બધાના પ્રયત્ન બહાર આવશે અને ધીરે ધીરે પ્રગતિ કરીને બાળકો લગભગ સામાન્ય બાળકો જેટલી ક્ષમતા મેળવી લેશે. મને જરૂર વિશ્વાસ છે. જેણે આ રિપોર્ટ લખ્યો છે તેના અક્ષર પણ ખૂબ સુંદર છે. એટલે, તે લખનાર ભાઈ કે બહેન જે હોય તેને મારાં અભિનંદન. સસ્નેહ... **- મોહનભાઈ પટેલ**

# ૧ જુન '૧૯ થી ૩૧ જુલાઈ '૧૯ સુધીના દાતાઓની યાદી

## P. N. R. SOCIETY

### 80-G

| | |
|---|---|
| Shri Kiritkumar Chhotalal Bhagat - Mumbai | 5000 |
| Shri Dushyant Ghanshyamlal Parikh(HUF) - Mumbai | 25000 |
| Shri Prakashbhai N. Desai - Mumbai | 100000 |
| M/s Rotary Club Of Bombay North Charity Trust - Mumbai | 490000 |
| Shri Mahasukhlal Kalyanjibhai Jakadia - Bhavnagar | 10000 |
| Shri Pradipbhai Tekriwal - Bhavnagar | 8000 |
| Shri Vasubhai Pradipbhai Tekriwal - Bhavnagar | 8000 |
| Smt. Ambikaben Tekriwal - Bhavnagar | 8500 |
| Shri Bhandari Family - Bhavnagar | 6000 |
| Smt. Kaushikaben Nareshbhai Patel-Bhavnagar | 1500 |
| Shri Pravinchandra Manilal Shah - Mumbai | 2500 |
| Well wisher -Mumbai | 5000 |
| Dr. R. B. Thorat - Bhavnagar | 80000 |
| Shri Harpalsinh Jadeja - Gandhidham | 4000 |
| Shri Rashesh H. Parikh - Mumbai | 25000 |
| Shri Manoj Pande - New Delhi | 10000 |
| Shri Sunil Jethalal Shah HUF - Mumbai | 11000 |
| Smt. Devanganaben J. Desai - Mumbai | 50000 |
| M/s Nikeon Corporation - Mumbai | 33000 |
| Smt. Bhaktiben Hareshbhai Mehta - Bhavnagar | 2500 |
| Smt. Rupa Chittaranjan Shah - USA | 10000 |

### FCRA

**Period From : 01/04/19 TO 31/05/2019**

| | |
|---|---|
| M/s Heart & Hand for the Handicapped - U.S.A. | 269177 |
| M/s Impact Foundation - U.K. | 969719 |
| M/s The Dalal Family Foundation Inc. - U.S.A. | 1229778 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | |
|---|---|
| Shri Kampani Charitable Trust - Mumbai | 50000 |
| Shri Pallavi Riteshbhai Sarvaiya - Bhavnagar | 1001 |
| Shri Pravinaben Kantilal Parmar - Bhavnagar | 5800 |
| Shri Ketanbhai Khasiya -Songadh | 1000 |
| Shri Nirali Ramjane - Una | 1500 |
| Shri Kamleshbhai R Sheth (Sheth Brothers) - Bhavnagar | 2000 |
| Shri Kamleshbhai R Sheth (Sheth Brothers) - Bhavnagar | 2000 |
| Shri Virchandji Madan Chopra - Nanduribar | 7000 |
| Shri Geetaben Mehta - Mumbai | 2000 |
| Shri Jyotsnaben P Mehta - Bhavnagar | 4000 |
| Shri Parshva Anukampa Trust - Mumbai | 20000 |
| Shri Jitubhai I. Shah - Bhavnagar | 15000 |
| Shri Hiteshaben N Patel - Bhavnagar | 15000 |
| Shri Nirmalaben Talakchand Shah-Bhavnagar | 15000 |
| Shri Bhavinbhai Yashvantbhai Shah-Bhavnagar | 12500 |
| Shri Pravinchandra Manilal Shah - Mumbai | 2500 |
| Shri Ashvinkumar G. Pandya - Bhavnagar | 100000 |
| Shri Rotary Club of Puna University Charitable Trust - Pune | 20000 |
| Shri Harshadbhai T. Doshi - Bhavnagar | 15000 |
| Shri M.B. Shah - Bhavnagar | 12000 |
| Shri M.I. Shah - Bhavnagar | 10000 |
| Shri V.B. Vora - Bhavnagar | 7500 |
| Shri Hitenbhai Pattani - Bhavnagar | 18000 |
| Shri Bhupatbhai Shah - Bhavnagar | 4500 |
| Shri Dilipkumar Vaidya - Surat | 1150 |
| Shri Maharaja Agrasen Knee-Care - Jaipur | 20000 |
| Shri Suryakantbhai H. Chavda - Bhavnagar | 1001 |
| Shri Hiteshaben N. Patel - Bhavnagar | 9000 |
| Shri Gautam Jitubhai Shah - Bhavnagar | 9000 |
| Shri M. J. Vora – Bhavnagar | 2100 |
| Shri Harshidaben Sureshbhai Buch - Bhavnagar | 5000 |
| Shri Kamleshbhai R. Sheth (Sheth Brothers) - Bhavnagar | 2000 |
| Shri Kamleshbhai R Sheth (Sheth Brothers) - Bhavnagar | 2000 |
| Shri Neelaben Poonamchandbhai Shah - Bhavnagar | 4000 |
| Shri Neelaben Poonamchandbhai Shah - Bhavnagar | 7000 |
| Shri Bhartiben Madhuben Mehta - Bhavnagar | 15000 |
| Shri Maganbhai Dayabhai Donda - Bhavnagar | 5000 |
| Late Ramniklal Lalji Tanna - Bhavnagar | 7000 |
| Shri Bhavin Yashvantbhai Shah - Bhavnagar | 50000 |
| Late Shantaben Harilal Bhatt - Bhavnagar | 5000 |
| Shri Hiva Rohit Samnani - Bhavnagar | 6000 |
| Shri Niranjan Kantilal Kothari - Nasik | 10000 |
| Shri Anantray A. Shah (Mafatkaka) - Bhavnagar | 1650 |
| Shri Vansh Rohitbhai Shah - Bhavnagar | 4000 |
| Shri Naitik Jagatbhai Shah - Bhavnagar | 4000 |

## ANKUR SPECIAL SCHOOL FOR M. R. CHILDREN

| | |
|---|---|
| Shri Atulchandra Charit Dr. Dimpleben Nilaybhai Mehta - Bhavnagar | 77000 |
| Shri Nileshbhai Shashikantbhai Vadhar - Bhavnagar | 51000 |
| Shri Hareshbhai M. Modi - Bhavnagar | 21000 |
| Shri Krutinbhai Himanshubhai Joshi - Bhavnagar | 21000 |
| Shri Nehaben Vijaybhai Mehta - Mumbai | 20000 |
| Shri Kenil Rajnikant Shah - Mumbai | 20000 |
| Shri Suruchi Group - Bhavnagar | 14000 |
| Shri Het Shreyanskumar Somani - Surat | 11111 |
| M/s. KMS Computer Consulting - Bhavnagar | 11000 |
| Shri Hiteshbhai Harshadrai Parekh - Bhavnagar | 10000 |
| M/s. M. M. Corporation - Bhavnagar | 10000 |
| Shri Small Wonder - Bhavnagar | 7000 |

| | |
|---|---|
| M/s. Prakash Re-Rollers Pvt. Ltd. - Bhavnagar | 7000 |
| Shri Pravinbhai K. Shah - Bhavnagar | 7000 |
| Smt. Meenaben Pravinbhai Shah - Bhavnagar | 7000 |
| Shri Hasti Pravinbhai Shah - Bhavnagar | 7000 |
| Shri Satishbhai Pravinchandra Jani - Bhavnagar | 7000 |
| One Well Wisher - Bhavnagar | 7000 |
| Shri Pujya Dayalu -Bhavnagar | 7000 |
| Shri Samast Gat Mandal - Bhavnagar | 7000 |
| Shri Bharatbhai Chimanlal Shah - Bhavnagar | 7000 |
| Shri Hasmukhrai Tulsibhai Patel - Bhavnagar | 7000 |
| Shri Dipakbhai N. Soni - Bhavnagar | 7000 |
| Smt. Manjula Mahendra Sangoi - Chari.Trust -Mumbai | 5000 |
| Shri Aashishbhai Bhatt - Kachha | 2500 |
| Shri Kamaleshbhai R. Sheth - Bhavnagar | 2000 |
| Shri Tejal Shah - Ahmedabad | 2000 |
| One Well Wisher -Bhavnagar | 1111 |

## સ્વ. શામજીકાકાને શ્રધ્ધાંજલિ



પી.એન.આર.સોસાયટીના દિવંગત મુરબ્બી, ટ્રસ્ટી, દાતા શ્રી શામજીભાઈ માવજીભાઈ પરીખની ૨૨મી પૂણ્યતિથિ નિમિત્તે તા.૩૧/૦૭/૧૯ના રોજ અંધશાળા કેમ્પસમાં પુષ્પાંજલીનો કાર્યક્રમ યોજાયેલ. સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી અનંતરાય કે.શાહે (બાબાભાઈ) અને ફોરમ ઈન્સ્ટિટયુટના ટ્રસ્ટીઓએ, સદ્‌ગતની સ્મૃતિઓને વાગોળતા, તેઓશ્રી તરફથી મળેલ યોગદાનનું ગુણાનુવાદન કરેલ, ઉપસ્થિત ટ્રસ્ટીગણ તેમજ કર્મચારીગણે પુષ્પાંજલી સાથે, પ્રાર્થના કરેલ.

## સેવા રૂરલ-ઝગડિયાના મેમ્બર્સની પી.એન.આર. સોસાયટીની મુલાકાત



સેવા રૂરલ સંસ્થામાંથી શ્રી વિક્રમભાઈ વાસદિયા (કો.ઓર્ડિનેટર), શ્રી આર. કે. પટેલ (Training Incharge VGTK), શ્રી જીગરભાઈ શાહ, (Engineer VGTK) પી.એન.આર. સોસાયટીની મુલાકાતે આવેલ, તેમનો મુલાકાતનો મુખ્ય ઉદેશ, ‘સેવા રૂરલ’ દ્વારા ચાલતી વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર (VGTK) માં 1 વર્ષના જુદા-જુદા ટ્રેનિંગ કોર્સ ચાલે છે. તેમાં નોર્મલ બાળકો સાથે ડિસેબલ્ડ બાળકોને પણ ઈન્કલુઝીવ કરીને તાલીમ આપવી અને તેમનું પ્લેસમેન્ટ કરવું. તેમણે તા. ૧૭/૦૭/૨૦૧૯ ના રોજ સંસ્થાની હાઈટેક સ્કૂલ, AT & T Technology Park, P. R. Vadhar Artificial Limb Center, Early Intervention Center, PNR Hospital, K. K. Blind School, K. L. Institute, Ankur School, Day Care Center, Disabled Women Empowerment Project તથા C.P. School ની Visit કરેલ, તેમજ PNR Hospital ના કોન્ફરન્સ હોલમાં ટ્રસ્ટીઓ સાથે મિટિંગ કરેલ.

## અભિપ્રાય

*“Thanks a lot for the hospitality you have provided and organised visit to different campuses of PNR Society yesterday. It was absolutely amazing experience for all of us to see such kind of work being done by your organisation. We have learnt a lot and it has completely changed our attitude towards people with disability. Once again thanks a lot to Ketanbhai, Jigneshbhai and Laljibhai for taking time out from your busy schedule and showing us around all your work.*

*We would love to take your help/expertise at any stage while working for the disable people in our area.”*

- **Seva Rural,** Zaghadiya

# ફેમિલી ફોરમનો કાર્યક્રમ

પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ કોલેજ ખાતે, તા. ૪/૮/૧૯ની સાંજે સંસ્થાના કર્મચારીઓના તેજસ્વી સંતાનો માટે, દર વર્ષની જેમ"વિદ્યાર્થી અભિવાદન સમારોહ" યોજાઈ ગયેલ. સંસ્થા પરિવારના ૧૧ જેટલા 'લીટલ સ્ટાર્સ' દ્વારા ધમાકેદાર રંગારંગ કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો. શ્રી ધીરૂભાઈ ધંધુકિયાએ શાબ્દિક સ્વાગત કરેલ. આ સમારોહમાં સંસ્થાના વડિલો સર્વશ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), અલ્પેશભાઈ શેઠ, મફતભાઈ, પારસભાઈ શાહ, કિરીટભાઈ રાઠોડ, હર્ષકાંતભાઈ રાખશિયા, રાજુભાઈ હકાણી, વિનુભાઈ હકાણી, મહાસુખભાઈ ઝકડિયા વિગેરેના હસ્તે ૪૫ વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતાં. પ્રોત્સાહન સમારોહનું સંચાલન શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા તથા આભાર વિધિ શ્રી પારસભાઈ શાહ દ્વારા કરવામાં આવેલ હતી.
















Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2019-21 ◆ Monthly
Date of Publication : 15 Aug. - 2019 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com